# 2013, 21 બાદ 2026માં એક જ સીઝનમાં બે વખત ખાડીપૂર

**વર્ષ-2021માં એક જ ચોમાસામાં ત્રણ વખત ખાડી પૂરે શહેરને ઘમરોળ્યું હતું**

સુરતઃ તાપીની રેલ છેલ્લે 20026માં આવ્યા બાદ નદીના ઉપરવાસમાં પડતા વરસાદ અને ઉકાઇ ડેમમાં પરફેક્ટ વોટર મેનેજમેન્ટની વ્યવસ્થા થતાં સુરત શહેરનો દર બે વર્ષે આવતા તાપી પૂરમાંથી મહદઅંશે છૂટકારો થયો છે. પરંતુ શહેરના ખાડી કિનારે થયેલા બાંધકામો, ખાડીની અંદરના દબાણો અને ખાડીની વહન ક્ષમતા ઘટવા સાથે ઉપરવાસમાં વરસાદની માત્ર વધતા ખાડી પૂર મનપા માટે નવી આફત બન્યાં છે. છેલ્લા અગાઉ બે ત્રણ વરસે એક વખત આવતું ખાડી પૂર હવે છેલ્લા છ વર્ષથી દરેક ચોમાસામાં શહેરને ઘમરોળે છે. આ વખતે તો માત્ર 15 દિવસમાં બીજી વખત ખાડી પૂર આવતા તંત્રના હાલ-બેહાલ થઇ ગયા છે. જો કે 12 વર્ષમાં ત્રીજી વખત એવું થયું છે કે એક જ સીઝનમાં એકથી વધુ વખત ખાડી પૂર આવ્યા હોય, વર્ષ 2013માં એક જ ચોમાસામાં બે વખત અને વર્ષ 2021માં એક જ ચોમાસામાં ત્રણ વખત ખાડી પૂરે શહેરને ઘમરોળ્યું હતું.

### બુધવારે સાંજે ખાડીની હાલત થોડી સુધરી પણ મોડી રાત્રે ફરી જળસ્તર વધવાની સંભાવના

**બુધવારે રાત્રે 8 કલાકે ખાડીની સ્થિતિ (મીટરમાં)**

| ખાડી | હાલમાં | ભયજનક |
|---|---|---|
| કાંકરા | 06 | 8.48 |
| ભેદવાડ | 6.80 | 7.20 |
| મીઠી | 8.40 | 9.35 |
| ભાઠેના | 5.90 | 8.25 |
| સીમાડા | 04 | 4.05 |

### મોટા વરાછામાં તાપી કાંઠે વધુ એક પાળાનું ધોવાણ થયાના અફવા ફેલાતા તંત્ર દોડતું થયું

સુરતઃ શહેરનાં મોટા વરાછા ખાતે આજે સવારે તાપી નદીને કાંઠે આવેલ વધુ એક પાળાનું ધોવાણ થયું હોવાની અફવા વહેતી થતાં આસપાસનાં રહેવાસીઓનાં જીવ તાળવે ચોંટ્યા હતા. એક પખવાડિયા પૂર્વે જ મોટા વરાછામાં બે અન્ય સ્થળો પર સિંચાઈ વિભાગ દ્વારા બનાવવામાં આવેલ પાળાઓનું ધોવાણ થતાં લોકોમાં ઘેરી ચિંતાની લાગણી પ્રસરી જવા પામી હતી ત્યારે વધુ એક ઘટનાને પગલે લોકોમાં સિંચાઈ વિભાગની કામગીરી વિરૂદ્ધ રોષ જોવા મળી રહ્યો છે. જો કે બાદમાં મનપાના તંત્રએ સ્પષ્ટ કર્યું હતું કે, ફોટો-વિડીયો જુના છે અને નવો કોઇ પાળો ધોવાયો નથી.

## ભરપૂર વરસાદમાં પણ આ વૃક્ષ પર પાન નથી આવતા



■ વરસાદ શરુ થાય ત્યારે હરિયાળી જાણે ચારે તરફ ખીલી ઉઠે છે પરંતુ સુરત શહેરમાં આ એક એવુ વૃક્ષ છે જેની આસપાસ તો લીલોતરી છે પરંતુ તેના પર પાન નથી આવતા. (તસવીર : સતીષ જાદવ)

## વરસાદને પગલે ક્ષતિગ્રસ્ત સરથાણા પોલીસ મથકને નેચર પાર્કના ફૂડ પ્લાઝામાં ખસેડાશે




સુરતઃ શહેરમાં છેલ્લા કેટલાક દિવસોમાં પડેલા અતિભારે વરસાદના કારણે સરથાણા પોલીસ સ્ટેશનની હાલની જગ્યામાં ભારે નુકસાન થયું હતું. જેના લીધે ત્યાંથી પોલીસ સ્ટેશનનું કામકાજ ચલાવવું મુશ્કેલ બન્યું હોવાથી પોલીસ તંત્ર દ્વારા નવી વ્યવસ્થા ઊભી કરવા માટે માંગણી કરવામાં આવી હતી. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને સુરત મહાનગરપાલિકા દ્વારા સરથાણા નેચર પાર્કના પરિસરમાં આવેલા અને હાલ બંધ હાલતમાં રહેલા ફુડ પ્લાઝાના કુલ 10 રૂમ સરથાણા પોલીસ સ્ટેશન માટે હંગામી ધોરણે ફાળવવાની કવાયત હાથ ધરવામાં આવી છે. જે માટેની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મુકવાનમાં આવી છે. આ ફુડ પ્લાઝા પોલીસ સ્ટેશનના કામકાજ માટે માત્ર 6 મહિનાના કામચલાઉ સમયગાળા માટે જ આપવામાં આવશે. આ જગ્યાનો ઉપયોગ અન્ય કોઈ હેતુ માટે કરી શકાશે નહીં તેમજ વીજળીનું બિલ અને સફાઈ જેવો દૈનિક નિભાવ ખર્ચ સરથાણા પોલીસ સ્ટેશને પોતે જ ભોગવવાનો રહેશે. આ ઉપરાંત જો મહાનગરપાલિકાને આ જગ્યાની જરૂર પડશે, તો 1 મહિનાની આગોતરી નોટિસ આપીને કબજો પરત મેળવી શકાશે. આ અંગેની દરખાસ્ત મનપાની સ્થાયી સમિતિ સમક્ષ મંજૂરી માટે રજૂ કરવામાં આવી છે.

# નવી સિવિલ હોસ્પિટલમાં જીવતી મહિલાને 'મૃતક' જાહેર કરી દીધી!

**ડેડ બોડી મેનેજમેન્ટના કર્મીની ગંભીર બેદરકારીથી પોલીસ પણ ચકરાવે ચઢી**

**મૃતક નણંદના બદલે જાહેરાત આપનાર ભાભીનું નામ ચોપડે લખી નાંખ્યું**

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલમાં ડેડ બોડી મેનેજમેન્ટ ટીમની એક ગંભીર બેદરકારી સામે આવી છે. પોસ્ટમોર્ટમની કાર્યવાહી દરમિયાન કર્મચારીએ મૃતકના બદલે જીવિત મહિલાનું નામ મૃતક તરીકે નોંધતા ભારે ગડબડ સર્જાઈ હતી. બાદમાં પોલીસના ધ્યાન પર મામલો આવતા ભૂલનો ખુલાસો થયો અને એન્ટ્રીમાં સુધારો કરાયો હતો.

મળતી માહિતી મુજબ, મૂળ ઉત્તરપ્રદેશના દેવરિયાના વતની અભિષેક પ્રબંધસિંહ હાલ સચિન જીઆઈડીસી વિસ્તારની લક્ષ્મીવિલા ટાઉનશિપમાં પરિવાર સાથે રહે છે અને મજૂરી કામ કરે છે. આશરે ત્રણ મહિના પહેલાં તેમના લગ્ન 24 વર્ષીય પ્રિયા સાથે થયા હતા. આજે બપોરે પ્રિયાએ પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. બનાવની જાણ થતાં પરિવારજનોએ સચિન જીઆઈડીસી પોલીસને જાણ કરી હતી. પોલીસે મૃતદેહને કાયદાકીય કાર્યવાહી કરી પોસ્ટમોર્ટમ માટે નવી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડ્યો હતો. જોકે, પોસ્ટમોર્ટમની કાર્યવાહી દરમિયાન ડેડ બોડી મેનેજમેન્ટ ટીમના કર્મચારીએ ગંભીર બેદરકારી દાખવી હતી. મૃતક પ્રિયાના બદલે તેમની ભાભી, જે માત્ર જાહેરાત આપનાર (ઈન્ફોર્મન્ટ) તરીકે હાજર હતા, તેમનું નામ જ મૃતક તરીકે નોંધવામાં આવ્યું હતું. થોડા સમય બાદ જ્યારે મીડિયા કર્મીએ પોલીસ પાસેથી માહિતી જાણવા ફોન કર્યા હતા ત્યારે પોલીસ વંદના અક્ષય પ્રબંધસિંહ (ઉ.વ.30) નામ સાંભળીને આશ્ચર્યમાં મુકાઈ ગઈ હતી. આવા નામની કોઈ એડી આવી ન હોવાનું જણાવ્યું હતું. સમગ્ર મામલો સચિન જીઆઈડીસી પોલીસના ધ્યાન પર આવતા તપાસ કરવામાં આવી હતી. તપાસમાં સામે આવ્યું કે, મૃતક પ્રિયા છે અને વંદના મૃતકના ભાભી છે. જે પોલીસમાં જાહેરાત આપનાર વ્યક્તિ છે. જીવિત મહિલાનું નામ ભૂલથી મૃતક તરીકે નોંધાઈ ગયું છે. ત્યારબાદ હોસ્પિટલના કર્મચારીએ રેકોર્ડમાં સુધારો કરીને સાચું નામ દાખલ કર્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### બેંક ઓફ બરોડાએ 119માં સ્થાપના દિવસની ઉજવણી કરી

અમદાવાદઃ દેશની ટોચની જાહેર ક્ષેત્રની બેંકોમાં સ્થાન ધરાવતી બેંક ઓફ બરોડાએ વિશ્વાસ, નવીનતા અને સાતત્યપૂર્ણ વિકાસ પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કરીને તેના 119માં સ્થાપના દિવસની ઉજવણી કરી હતી. સમારોહમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત બેંક ઓફ બરોડાના વૈશ્વિક બ્રાન્ડ એમ્બેસેડર સચિન તેંડુલકરે બેન્કના મોબાઈલ બેન્કિંગ પ્લેટફોર્મનું નવુ વર્ઝન 'ન્યૂ બોબ વર્લ્ડ'લોન્ચ કર્યું હતું.

### શ્રી વિદ્યાર્થી કેળવણી સંઘના નવા હોદ્દેદારોની વરણી કરાઈ



સુરતઃ નવાપુરા કાંટાની વાડ ખાતે આવેલા શ્રી વિદ્યાર્થી કેળવણી સંઘ સુરતના વર્ષ ૨૦૨૬-૨૭ના વર્ષના હોદ્દેદારોમાં પ્રમુખ તરીકે ચંદ્રકાંત ટી. જરીવાળા (સીટી જરીવાળા), ઉપપ્રમુખ તરીકે રાજેશ એમ. જરીવાળા તથા સેક્રેટરી તરીકે નિરવ એમ. જરીવાળાની વરણી કરવામાં આવી છે. પ્રમુખ સીટી જરીવાળા છેલ્લા 32 વર્ષથી કમિટી સભ્ય, પૂર્વ કોર્પોરેટર, નવાપુરા અર્બનમાં પૂર્વ ઉપપ્રમુખ સહિત વિવિધ સંસ્થા સાથે જોડાયેલા છે. જ્યારે રાજેશ જરીવાળા આજ સંસ્થામાં પૂર્વ પ્રમુખ છે. નિરવ જરીવાળા વિદ્યાર્થી કેળવણી સંઘમાં 10 વર્ષથી કમિટી સભ્ય છે.

### લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં નવરાત્રિની તૈયારી શરૂ: 500 ખેલૈયા ગરબે ઘૂમ્યા



સુરતઃ ધી સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડીયમ ખાતે નવરંગી નવરાત્રિ-૨૦૨૬ની તૈયારીના ભાગરૂપે સોમવારે ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કલાકાર કૃણાલ બારોટ અને એમની ટીમે લાઈવ પરફોમન્સ કર્યો હતો. કાર્યક્રમમાં ૭૦૦ જેટલા ખેલૈયાઓ અને સભ્યોએ ગરબાનો આનંદ માણ્યો હતો. મુખ્ય મહેમાન તરીકે રૂપલબેન શાહ અને જગદીશભાઈ પુરોહિત હાજર રહ્યા હતા. બન્નેનું પુષ્પગુચ્છથી સન્માન સેક્રેટરી હિતેશભાઈ પટેલ અને મનોરંજન કમિટીના કન્વીનર અને પી.આર.ઓ. હેમંતભાઈ જરીવાલાએ સ્વાગત કર્યુ હતુ. સંસ્થાના પ્રમુખ કનૈયાભાઈ કોન્ટ્રાક્ટર અને સેક્રેટરી હિતેશભાઈ પટેલના માર્ગદર્શન મુજબ સમગ્ર કાર્યક્રમનું આયોજન મનોરંજન કમિટીના કન્વીનર હેમંતભાઈ જરીવાલા અને સહ-કન્વીનર કિશોરભાઈ પટેલ અને મનોરંજન કમિટીના સભ્યોએ સફળતા અપાવી હતી.

### કૃભકો સુરત દ્વારા રક્તદાન શિબિર, કવાસની શાળામાં ગણવેશનું વિતરણ કરાયું



સુરતઃ રક્તની ગંભીર અછતનો સામનો કરી રહેલા થેલેસેમિયાના દર્દીઓની સહાય માટે, કૃભકો દ્વારા સુરત શહેર પોલીસના સહયોગથી કૃભકો ટાઉનશિપ ખાતે રક્તદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. યુનિટી બ્લડ સેન્ટર (લાલ દરવાજા) ના ટેકનિકલ સહયોગ અને કૃભકો હોસ્પિટલ ટીમની મેડિકલ સહાય સાથે યોજાયેલા આ અભિયાનમાં ૧૨૭ યુનિટ રક્તદાન કરવામાં આવ્યું હતું. કવાસ પ્રાથમિક શાળાના ૫૧૦ વિદ્યાર્થીઓને શાળાના સત્તાધીશો અને કંપનીના વરિષ્ઠ અધિકારીઓની ઉપસ્થિતિમાં ૧,૦૨૦ જોડી શાળાના ગણવેશ વિતરીત કરવામાં આવ્યા હતા.

### અગ્રવાલ પ્રગતિ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની બિનહરીફ વરણી

સુરતઃ અગ્રવાલ પ્રગતિ ટ્રસ્ટના ટ્રસ્ટીઓની વર્ષ ૨૦૨૬થી ૨૦૩૦ની ચૂંટણીમાં ટ્રસ્ટીઓ બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરવામાં આવ્યા છે. ફાઉન્ડર કેટેગરીમાં રતનલાલ ધાકડ, બ્રિજેશ ગાડોદિયા, ઓમપ્રકાશ સોંથલિયા, આનંદ એન. અગ્રવાલ, વિનોદ બી. અગ્રવાલ, વિશ્વરામ અગ્રવાલ, સંજય બી.જાલાન. પેટ્રન કેટેગરીમાંથી બાસુદેવ ચોપાની, દીનદયાળ અગ્રવાલ, પ્રદીપ અગ્રવાલ અને શિવરત્ન દેવરા, આજીવન કેટેગરીમાં બસંત ખેતાન અને સુનીલ કે. કેડિયાનો સમાવેશ થાય છે. મુખ્ય ચૂંટણી અધિકારી તરીકે બી. એસ. અગ્રવાલ અને ચૂંટણી અધિકારી તરીકે અશોક સિઘલ અને વિનોદ ઝારવાલાએ સેવા આપી હતી.

### સુરતી મોઢ વણિક અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા કફન વિતરણ



સુરતઃ શ્રી સુમોવ અડાજણ રાંદેર રોડ યુવક મંડળ દ્વારા ૮૮ મો કફન વિતરણ કાર્યક્રમ નવી સિવિલ હોસ્પિટલ ના પોસ્ટ મોર્ટમ રૂમ ખાતે પ્રમુખ હરીશભાઈ પીપવાળાની આગેવાની હેઠળ સદગત જીગર બંસીભાઈ ગાંધીની સ્મૃતિમાં દાતા બંસીભાઈ ગાંધીના સહયોગથી યોજાયો હતો. જેમાં પ્રમુખની સાથે મનોજ ગાંધી, રવિ ગાંધી, પરેશ ભાટિયા, વસંત ગોળવાળા, જીતુ કટલરીવાળા, મોન્ટુ જીનવાલા, વિપુલ ગાંધી, ઘનશ્યામ ભગત, ભદ્રેશ શેઠના અને દાતા બંસીભાઈ ગાંધી ઉપસ્થિતિ રહ્યા હતા. કફનનો જથ્થો આરએમઓ ડો. આરતી પરમાર દ્વારા સ્વીકારવામાં આવ્યો હતો. મંત્રી રવિ ગાંધીએ આભાર વિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું.

### મંદીના માહોલમાં પણ મંદિરનો સહારો હોય તો મસ્ત રહી શકાશે: પદ્મદર્શનસૂરિજી



ભીવંડીઃ શ્રી ગોકુળનગર નજરાણા જૈન સંઘ ભીવંડી સ્થિત આરાધના ભવનમાં જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજે અમૃતવાણીનો આસ્વાદ કરાવતા કહ્યું હતું કે, આજનો માણસ માનસિક સ્ટ્રેસની વચ્ચે જીવી રહ્યો છે. અત્યારે મોટા ભાગનાં મૃત્યુ તનનાં રોગ કરતાં મનની અસ્વસ્થતાનાં કારણે વધુ થાય છે. ઇરાન અને અમેરિકા અને મુસ્લિમ દેશોમાં સતત સત્તાના સિંહાસન અને તેલના કૂવાના માલિક બનવા માટે છેલ્લા કેટલાંક વર્ષોથી ખૂનખાર જંગ ખેલાઇ રહ્યો છે. મંદીનું વાવાઝોડું તો એવું ત્રાટક્યું છે કે જેનાં કારણે ભલભલાના ધંધા ઠપ્પ થઇ ગયા છે. મંદીના માહોલમાં પણ જો મંદિરનો સહારો હશે તો તમારી મસ્તીને કોઇ છીનવી નહીં શકે. મંદીમાં પણ જો મસ્ત રહેવું હોય તો પરમાત્માની શરણાગતિને સ્વીકારવી જોઇએ. તેજી અને મંદી તો ચાલ્યા કરે. એને મગજમાં લેવાની જરૂર નથી.

## ભાજપના નેતાના ભત્રીજાએ જ મોદી-પ્રધાનનું પૂતળું સળગાવ્યું

**દક્ષેશ્વરનગર પાસે પરવાનગી વગર દેખાવ કરનારા સાત સામે ગુનો**

સુરતઃ દિલ્હીના જંતર-મંતર ખાતે નીટ પરીક્ષાની ગડબડીઓ સામે અને પર્યાવરણવિદ્ સોનમ વાંગચુકના સમર્થનમાં શરૂ થયેલા આંદોલનની ઝાળ હવે ડાયમંડ સિટી સુરત સુધી પહોંચી ગઈ છે.ગત તા. ૨૧/૦૭/૨૦૨૬ ના રોજ ઉધના ખાતે દક્ષેશ્વર મંદિર ત્રણ રસ્તા પાસે જાહેરમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું પૂતળું સળગાવી વિરોધ પ્રદર્શન કરાતાં ઉધના પોલીસે રાયોટિંગ સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો દાખલ કર્યો છે. આ સમગ્ર પ્રકરણમાં સૌથી ચોંકાવનારી બાબત એ સામે આવી છે કે, પૂતળાદહન કરનાર મુખ્ય સૂત્રધાર સૂર્યા સોનવણે હાલમાં જ ભાજપમાં જોડાયેલા સ્થાનિક નેતા સુરેશ સોનવણેનો ભત્રીજો છે.

મંગળવારે બપોરના આશરે સાડા ત્રણેક વાગ્યાના અરસામાં ઉધના દક્ષેશ્વર મંદિર ત્રણ રસ્તા ખાતે ફૂટપાથ પર યુવાનોનું ટોળું એકઠું થયું હતું. આ પ્રદર્શનકારીઓએ અગાઉ NEETનું પેપર લીક થયેલ હોવાના મુદ્દે તથા દિલ્હીમાં ભૂખ હડતાળ પર બેસેલા સોનમ વાંગચુકના સમર્થનમાં કોઈ પણ પ્રકારની આગોતરી પરમિશન લીધા વગર સરકાર વિરોધી અને નેતાઓના વિરૂદ્ધમાં મોટે-મોટેથી સૂત્રોચ્ચાર કરી જાહેર રસ્તા પર અવરોધ ઊભો કર્યો હતો તેમજ જ્વલનશીલ પદાર્થનો બેદરકારીપૂર્વક ઉપયોગ કરી પૂતળાદહન કર્યું હતું અને ત્યાંથી નીકળી ગયા હતા. સોશિયલ મીડિયા પર વીડિયો વાયરલ થતાં અને શાસક પક્ષ ભાજપના જ નેતાના ભત્રીજાની સંડોવણી સામે આવતાં રાજકારણ અને પોલીસ બેડામાં ભારે ચકચાર મચી ગઈ છે. પોલીસે આ કેસમાં (૧) સૂર્યા સોનવણે, (૨) ઉમેશ ભામરે, (૩) વિકી ઉર્ફે કાઉ જાવરે, અને (૪) સુનાલ ઉર્ફે સોનલ શાહ મોહમદ શેખ તથા તેમની સાથેના અન્ય ત્રણ અજાણ્યા ઈસમો સામે રાયોટિંગનો ગુનો દાખલ કર્યો છે.

## પૂતળાદહનમાં કાર્યકરો સામે કેસ દાખલ થતાં કોંગ્રેસમાં રોષ

**કોંગ્રેસનું પ્રતિનિધિમંડળ આજે પો.કમિ.ને મળીને ફરિયાદ રદ કરવાની માંગ કરશે**

સુરતઃ ઉધના પોલીસે દક્ષેશ્વર મહાદેવ મંદિર પાસે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના પુતળા દહન કરવા બદલ ચાર કોંગ્રેસ કાર્યકરો સામે કેસ દાખલ કર્યો છે. આ કાર્યવાહીના વિરોધમાં, સુરત શહેર કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ ગુરુવારે પોલીસ કમિશનરને મળશે અને ફરિયાદ પાછી ખેંચવાની માંગ કરશે.

સુરત શહેર કોંગ્રેસના ઉપપ્રમુખ હરીશ સૂર્યવંશીએ પોલીસ કાર્યવાહી પર સવાલ ઉઠાવતા કહ્યું કે છેલ્લા બે વર્ષમાં સુરત શહેર કોંગ્રેસ કાર્યાલય પાસે ભાજપના કાર્યકરો દ્વારા રાહુલ ગાંધીના પુતળા બાળવામાં આવ્યા હોવા છતાં, પોલીસે કોઈ કેસ નોંધ્યો નથી. તેમણે આરોપ લગાવ્યો કે શાંતિપૂર્ણ કોંગ્રેસના વિરોધ પ્રદર્શન સામે કાર્યવાહી કરીને પોલીસે બેવડું ધોરણ અપનાવ્યું છે. તેમણે જણાવ્યું હતું કે સુરત શહેર કોંગ્રેસનું એક પ્રતિનિધિમંડળ ગુરુવારે બપોરે પોલીસ કમિશનરને મળશે.

# રસ્તાઓ પાણીમાં અને મનપાએ પાણીની લાઈન ફ્લશિંગ કરી

**આકાશમાંથી પાણી વરસી રહ્યું છે અને બીજી તરફ ફ્લશિંગમાં રસ્તા પર પાણી છોડાતાં લોકોમાં ભારે રોષ**




સુરતઃ શહેરમાં સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે ચારેકોર પાણી ભરાઈ જતાં જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે. એક તરફ મનપા તંત્ર વરસાદી પાણીના નિકાલ માટે કવાયત કરી રહ્યું છે, તો બીજી તરફ હાઈડ્રોલિક વિભાગની ગંભીર બેદરકારી સામે આવી છે. પાલ-ઉમરા બ્રિજ પાસે આવેલી એસ.કે. પાર્ક સોસાયટી બહાર રસ્તા પર પાણી ભરાયેલા હોવા છતાં, મનપાના હાઈડ્રોલિક વિભાગ દ્વારા ફ્લશિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ બિનવ્યવહારુ નિર્ણયના કારણે પહેલેથી જ ભરાયેલા પાણીમાં વધુ ઉમેરો થતાં રસ્તા પર પાણીનું સ્તર વધી ગયું હતું, જેને પગલે સ્થાનિક રહીશો અને વાહનચાલકોની મુશ્કેલીઓમાં બમણો વધારો થયો હતો.

સ્થાનિકોમાં આ વિચિત્ર કામગીરીને લઈને ભારે રોષ ફાટી નીકળ્યો છે અને મનપાના આંતરિક કો-ઓર્ડિનેશન પર ગંભીર સવાલો ઊભા થઈ રહ્યા છે. લોકોનો આક્ષેપ છે કે જ્યારે એક વિભાગ રસ્તા પરથી પાણી ઉલેચવાનો પ્રયાસ કરી રહ્યો હોય, ત્યારે બીજો વિભાગ એ જ સમયે ફ્લશિંગ કરીને વધારાનું પાણી છોડે તે અત્યંત હાસ્યાસ્પદ અને બિનજવાબદાર વર્તન છે. ભારે વરસાદની આગાહી વચ્ચે જ્યાં પાણીનો ઝડપી નિકાલ કરવાની જરૂર હતી, ત્યાં આ પ્રકારે પાણી વધારવાની કામગીરીથી નાગરિકોને ભારે હાલાકી ભોગવવી પડી છે, જેને પગલે પાલિકાના આયોજન સામે લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

### કૌટુંબિક ઝઘડામાં જમાઈનો સાસુ અને સાળા પર ચપ્પુથી હુમલો

સુરતઃ લિંબાયત વિસ્તારમાં આવેલા નુરાનીનગર ખાતે કૌટુંબિક ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં જમાઈએ પોતાની જ સાસુ અને સાળા પર ચપ્પુ વડે જીવલેણ હુમલો કરી લોહીલુહાણ કરી નાંખ્યા હોવાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. લિંબાયત મીઠી ખાડી વિસ્તારમાં રહેતા રઈશા અનવર ખાટીક (ઉ.વ. ૪૨)ની બહેન અનીશાબેન સાથે તેમનો જમાઈ ફારુક બિસ્મીલા ખાટીક ગલીમાં ગાળાગાળી કરી રહ્યો હતો. આ અંગે અનીશાબેનના પુત્ર રેહાને ફોન કરી જાણ કરતાં રઈશાબેન, તેમના પુત્રો જુનૈદ, આવેશ અને સબંધી ઈમરાન સાથે નુરાનીનગર ખાતે પહોંચ્યા હતા. ત્યાં પહોંચીને રઈશાબેને પોતાના જમાઈને ઝગડો નહીં કરવા સમજાવ્યો હતો. જેથી ઉશ્કેરાયેલા ફારુકે સાસુ અને સાળાને ચપ્પુના ઘા ઝીંકી દીધા હતા.

## વેસુની જમીન વિવાદ વિનુ માલવિયાના જામીન નકારાયા

**આરોપી પ્રતુલને જામીન મળતાં પેરિટીનો લાભ આપવાની અરજ કોર્ટે નકારી**

સુરતઃ જૂના સ્ટેમ્પ પેપરનો ઉપયોગ કરી વેસુ ગામની જમીન ગેરકાયદેસર કબજે કરવા માટે ષડયંત્ર રચી ગુનાહિત કૃત્ય કરનાર વિનુભાઈ હરિભાઈ માલવિયાની જામીન અરજી સેશન્સ કોર્ટે ફગાવી દીધી હતી. આ ગુનાના કામના અન્ય આરોપી પ્રતુલને જામીન મળ્યા બાદ આરોપી વિનુ માલવિયાએ જામીન અરજી રજુ કરી પેરિટીનો લાભ આપવા રજુઆત કરી હતી. મૂળ ફરિયાદી તરફે એડવોકેટ ડો. શૈલેષ આર.પટેલ અને સરકાર તરફે એપીપી મુંજાલ બ્રહ્મભટ્ટએ જામીન અરજીનો વિરોધ કરી એફિડેવિટ રજૂ કરી હતી. જામીન અરજીની સુનાવણી દરમિયાન અરજદાર આરોપી સામે ડીસીબી, ઉમરા,પુણા, અડાજણ, ચોક, કામરેજ, રાંદેર પોલીસ સ્ટેશને નોંધાયેલા ગુનાનો પણ ઉલ્લેખ કરાયો હતો. તમામ પક્ષકારોની દલીલો બાદ સેશન્સ કોર્ટે આરોપીની જામીન અરજી નામંજૂર કરી હતી. આ કેસની ફરિયાદ વેસુ પોલીસ સ્ટેશને રાજેશ પટેલે આરોપી પ્રતુલ પટેલ, વિનુ માલવિયા વિરુદ્ધ નોંધાવી હતી. જેની તપાસ ઈકો સેલના પોલીસ ઈન્સ્પેક્ટર કે.વી.બારીયા કરી રહ્યાં છે. આ વિવાદિત વેસુ ખાતેની બ્લોક-સર્વે નં.311/2ની જમીન ગેરકાયદેસર રીતે પચાવી પાડવા માટે ગુનાહિત કાવતરું રચી ખોટા અને બનાવટી વેચાણ કરારો તૈયાર કરવા જૂના તારીખના સ્ટેમ્પનો દુરુપયોગ કરી અને દસ્તાવેજોમાં છેડછાડ કરીને ગુનો કર્યા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો હતો.

## મગદલ્લા બંદર પાસે ખેતરમાં અર્ધબેભાન હાલતમાં કિશોરી મળી

**સિવિલમાં ભાનમાં આવી, માતા પિતા પણ મળી ગયા**

સુરતઃડુમસના મગદલ્લા બંદર પાસે ખેતરમાંથી 15 વર્ષીય કિશોરી અર્ધબેભાન હાલતમાં મળી આવતા પોલીસે સઘન તપાસ શરૂ કરી છે.

પોલીસ કિશોરી ત્યાં સુધી કેવી રીતે પહોંચી, તેની સાથે કોઈ શંકાસ્પદ વ્યક્તિ હતી કે નહીં તેમજ તેના અર્ધબેભાન હાલતમાં મળી આવવા પાછળનું વાસ્તવિક કારણ શું હતું તે અંગે માહિતી એકત્રિત કરી રહી છે. ઘટનાને લઈને વિવિધ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.

નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વિભાગમાં ફરજ બજાવતા મેડિકલ ઓફિસર ડૉ. ઉમેશ ચૌધરીએ જણાવ્યું હતું કે, ઘટનાની જાણ થતાં બાળકીના માતા-પિતા પણ હોસ્પિટલ દોડી આવ્યા હતા. ઈમરજન્સી વિભાગમાં કિશોરીને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી, જેના પરિણામે તે હોંશમાં આવી ગઇ હતી

ડૉ. ચૌધરીએ વધુમાં જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસ દરમિયાન બાળકીના શરીર પર કોઈ પણ પ્રકારના ઈજાના સ્પષ્ટ નિશાન જોવા મળ્યા નહોતા. જોકે, વધુ તબીબી તપાસ અને જરૂરી સારવાર માટે બાળકીને ગાયનેક વિભાગમાં ખસેડવામાં આવી છે. હવે ગાયનેક વિભાગની તપાસ અને પોલીસની તપાસ બાદ જ સમગ્ર ઘટનાની સાચી હકીકત સામે આવશે.